| | |
|---|---|
| | દાખલ થયા તારીખ–૨૦/૦૧/૨૦૨૬ |
| | રજીસ્ટર થયા તારીખ–૨૦/૦૧/૨૦૨૬ |
| | જાહેર કર્યા તારીખ–૧૭/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ :૦૦,મહિના :૦૨,દિવસ:૨૮ |

सत्यमेव जयते

## મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ તિલકવાડા, જી.નર્મદા

ક્રિમીનલ કેસ નંબર–૨૦૯/૨૦૨૬

આંક–

ફરીયાદી: સરકારશ્રી

**વિરૂધ્ધ**

આરોપી: કમલેશભાઇ અશ્વીનભાઇ તડવી
રહે.શીરા (નવાપુરા),તા.તિલકવાડા,જી.નર્મદા

ગુનો: પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ.૯૮ (૨) મુજબ

---

ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.કે.તડવી

---

**<u>જજમેન્ટ</u>**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૧૦/૨૦૨૫ ના કલાક ૨૧/૪૫ વાગે મોજે શીરા ગામ પાસે પોતાના કબ્જાની હિરો કંપનીની સ્પેન્ડર મો.સા. રજીસ્ટ્રેશન નંબર GJ–૨૨–K–૪૬૩૭ ની ઉપર એક વિમલા થેલામા ગે.કા.વગર પાસ પરમિટનો ભારતીય બનાવટના ઇંગ્લીંશ દારૂ પ્લાસ્ટીક ક્વાટર ROYAL BLUE MALT WHISKEY નંગ–૪૮ કિંમત રૂપિયા ૪,૮૦૦/– તેમજ ઇંગ્લીંશ દારૂના કાચના બોટલ ROYAL STAG SUPERIOR WHISKEY નંગ–૪૮ કિંમત

રૂપિયા ૧૨,૪૮૦/–મળી કુલ ઇંગ્લીંશ દારૂ કિ.રૂ.૧૭,૨૮૦/–(લીટર ૧૭.૨૮૦)તથા મો.સા.કિ.રૂ.૩૦,૦૦૦/– મળી કુલ કિ.રૂ.૪૭,૨૮૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરતાં તે બદલની ફરિયાદ આરોપી વિરુધ્ધ નોંધાયેલ છે જે ગુના રજીસ્ટર નં.સી.૧૧૮૨૩૦૨૫૨૫૧૦૮૧/૨૦૨૫ થી તિલકવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે.

**(૨)** ફરિયાદ નોંધાતાં બનાવની આગળની તપાસ, તપાસ કરનાર અમલદાર તિલકવાડા પોલીસ સ્ટેશનનાઓએ સંભાળી લઈ બનાવ બાબતે લગત પંચનામું કરી લાગતાં વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધ પુરતાં પુરાવા જણાઈ આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૩)** હાલનાં કામનાં આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેમનાં વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ હતાં. બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ માં ઠરાવેલ જોગવાઈ અનુસાર આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો સોંપ્યાની ખાત્રી કર્યા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૧૭ અન્વયે આરોપીને ગના અંગેની સમજ કરી આંક–૪ થી તહોમતનામું ઘડવામાં આવેલ અને આંક–૫ થી આરોપીનું નિવેદન નોંધતાં આરોપીએ તેમની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

## મૌખિક પુરાવા:–

(૧) આંક–૦૭ થી પંચસાહેદ મકબુલખાન ઇસબખાન ધોરીની જુબાની

(૨) આંક–૦૯ થી પંચસાહેદ સુરેશભાઇ મંગુભાઇ તડવીની જુબાની

(૩) આંક–૧૦ થી ત.ક.અમલદાર મહેશભાઇ ગુમાનભાઇની જુબાની

## દસ્તાવેજી પુરાવા:–

(૧) આંક–૦૮ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું

(૨) આંક–૧૧ થી અસલ ફરીયાદ

(૩) આંક–૧૨ થી એસ.આઇ.ડી સર્ટી

(૪) આંક–૧૩ થી ૬૩(૪)(સી)

(૫) આંક–૧૪ થી રવાનગી પત્રક

(૬) આંક–૧૫ થી ફોર્મ–એ

**(૪)** ઉપર મુજબનો ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે હાલનાં કામનાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ ફરિયાદપક્ષની કેસની હકીકતનો ઈન્કાર કરી ખોટો કેસ કરેલ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આરોપીએ સોગંદ પર જુબાની આપવી નથી અને બચાવપક્ષનાં સાહેદો તપાસવા નથી તેવું જવાબમાં જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી છે. રજુ થયેલ પુરાવા તથા દલીલોનાં અંતે આ અદાલતનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્ધા ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્ધા</u>

**૧.** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૧૦/૨૦૨૫ ના કલાક ૨૧/૪૫ વાગે મોજે શીરા ગામ પાસે પોતાના કબ્જાની હિરો કંપનીની સ્પેન્ડર મો.સા. રજીસ્ટ્રેશન નંબર GJ–૨૨–K–૪૬૩૭ ની ઉપર એક વિમલા થેલામા ગે.કા.વગર પાસ પરમિટનો ભારતીય બનાવટના ઈગ્લીંશ દારૂ પ્લાસ્ટીક ક્વાટર ROYAL BLUE MALT WHISKEY નંગ–૪૮ કિંમત રૂપિયા ૪,૮૦૦/– તેમજ ઈગ્લીંશ દારૂના કાચના બોટલ ROYAL STAG SUPERIOR WHISKEY નંગ–૪૮ કિંમત રૂપિયા ૧૨,૪૮૦/–મળી કુલ ઈગ્લીંશ દારૂ કિ.રૂ.૧૭,૨૮૦/–(લીટર ૧૭.૨૮૦)તથા મો.સા.કિ.રૂ.૩૦,૦૦૦/– મળી કુલ કિ.રૂ.૪૭,૨૮૦/– ના મુદ્ધામાલ સાથે પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) ૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછી આપેલ છે.

**૧.**નકારમાં

**૨.**આખરી હુકમ

## <u>કારણો</u>

**(૬) <u>મુદા નં.૧</u>**

ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાંની અને ફરિયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને પંચનામામાં તેઓની માત્ર સહી માત્ર ઓળખી બતાવેલ છે. ફરિયાદપક્ષ પંચસાહેદોને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી તરફે તપાસવામાં આવેલ છે પરંતુ તે તપાસ દરમ્યાન પણ કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર નોંધાયેલ નથી.

ફરિયાદપક્ષ ધ્વારા ત.ક.અમલદારને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરિયાદ હકીકત તથા તપાસની હકીકતને સમર્થનકારી પુરાવો તેમની સરતપાસ દરમ્યાન આપેલ છે. તેઓએ ઉલટતપાસ દરમ્યાન એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી. રેડમાં કયા વાહનમાં ગયેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. તેમણે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી.

આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાકંન કરતાં પ્રથમ પંચનામું થયેલ છે અને ત્યારબાદ ફરિયાદ નોંધવામાં આવેલ છે. પરંતુ આંક-૧૧ વાળી ફરિયાદમાં ત.ક.અમલદાર ધ્વારા પંચોનાં નામ, ઉંમર અને સરનામું જણાવેલ નથી. આ કામે કહેવાતો મુદામાલ પ્રોહીબીશનનાં કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ પદાર્થ હતો તે સાબિત કરવા સારું કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. આ કામે પંચસાહેદો ધ્વારા ફરિયાદની હકીકતને સમર્થન આપવામાં આવેલ નથી તથા આ કામે અન્ય કોઈ તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ચાર્જશીટની કોલમ નં.૪ ધ્યાને લેતાં તપાસ કરનાર અમલદાર દ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો નોંધેલ હોય તેવું જણાઈ આવતું નથી. જે સંજોગોમાં મુદામાલ આરોપી પાસેથી જ, આરોપીનાં કબજામાંથી મળી આવેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આ કામે રજુ થયેલ તમામ પુરાવો સ્વતંત્ર રીતે અને એકી સાથે મુલવતાં પુરાવામાં ઉભી થયેલી શંકાઓ દુર થતી નથી અને જે સંજોગોમાં ફરિયાદપક્ષનો પુરાવો

સંપૂર્ણ સુર્દઢ અને આધાર રાખી શકાય તેવો વિશ્વસનીય જણાતો નથી જેથી ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ જાય છે જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવેલ છે.

પુરાવા અધિનિયમનાં સિંધ્ધાત અનુસાર જો પુરાવામાં શંકાઓ ઉભી થાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે. આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ **મુદ્રા નં.૧** નો નિર્ણય નકાર છે અને ઉભી થયેલ શંકાનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર હોય **મુદ્રા નં.૨** અન્વયે ન્યાયનું હિત જાળવવા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપી કમલેશભાઇ અશ્વીનભાઇ તડવીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ.એ)૯૮(૨) મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહનના માલિકની ખરાઇ કરી માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રોહી મુદ્રામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમયમર્યાદા માટે આરોપીના અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૭ મી,માહે–એપ્રિલ,૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૪/૨૦૨૬

સ્થળ.તિલકવાડા (મહેશ લાખાભાઈ ચોથાણી)

જયુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

તિલકવાડા, જી.નર્મદા

જી.જે.૦૧૪૩૮